# ઘરઘાટીઓએ સ્વેચ્છાએ ભાવ વધારો કરતા ગૃહિણીઓમાં ભારે રોષ

## વારંવારના ભાવ વધારાથી ગૃહિણીઓ ત્રસ્ત : રજા અને બોનસ સહિતની વિવિધ માંગણીઓ બાબતે ઘરઘાટીઓનુ મનસ્વી વલણ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની ગૃહિણીઓ માટે ઘરઘાટીઓ આજકાલ માથાનો દુ:ખાવો બની ગયા છે. ઘરઘાટીઓએ મનસ્વી રીતે જ દરેક કામના સો રૂપિયા વધારી દીધા છે. વળી વારંવારની રજાની માંગણી અને પગાર જેટલા જ બોનસની માંગણીએ ગૃહિણીઓને ત્રસ્ત બનાવી દીધી છે. ઘરઘાટીઓના મનસ્વી વલણ સામે ગાંધીનગરની ગૃહિણીઓએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે.

ગાંધીનગરની ગૃહિણીઓ માટે ઘરઘાટીઓનું મનસ્વી વલણ ત્રાસદાયી બન્યુ છે. કચરાં-પોતા, વાસણ અને કપડાં જેવા ડોમેસ્ટીક કામો માટે રાખવામાં આવતા ઘરઘાટીઓ ગાંધીનગરના મોટા સેક્ટરોમાં મોટી સંખ્યામાં કામ કરે છે. મોટા ભાગે રાજસ્થાન ડુંગરપુરના ઘરઘાટીઓ ગૃહિણીઓને ઘરકામ માટે ખૂબ મદદરૂપ બને છે પરંતુ આ ઘરઘાટીઓએ છેલ્લા કેટલાક દિવસોમાં પ્રત્યેક કામના ૧૦૦ રૂ.નો ભાવવધારો કોઈપણ ચર્ચા વગર કરી દીધો છે. એટલે કે સીધો ૧૧ ટકાનો વધારો ગૃહિણીઓને પરેશાન કરી રહ્યો છે. ગૃહિણીઓની રજૂઆત છે કે પગારમાં ૧૧ ટકાનો સીધો વધારો કોઈ શિક્ષિત પગારદારને પણ મળતો નથી. વળી કોઈ ચર્ચા વગર સીધો જ ભાવ વધારો કરી દેવાતા ગૃહિણીઓનુ બજેટ ખોરવાય છે. વળી ઘરઘાટીઓ મનસ્વીપણે ગમે ત્યારે રજા પાડી દે છે. અવારનવાર તહેવારો પર વતન ઉપડી જાય છે. વળી આવી રજાઓ માટે પગારકાપ કરી શકાતો નથી. રજાઓ બાબતે નિયમો હોવા જરૂરી છે તેવુ ગૃહિણીઓનુ મંતવ્ય છે. વળી ઘરઘાટીઓ દર દિવાળીએ પૂરા પગાર જેટલા બોનસની માંગણી કરે છે તે પણ વધુ પડતી છે. ઘરઘાટીઓના આવા મનસ્વી વલણ સામે ગૃહિણીઓએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે.

# માથાભારે ભાડૂઆતોએ મકાન કબ્જો જમાવતા પોલીસ સક્રિય

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં એવા ઘણા નિવૃત્ત સરકારી કર્મચારીઓ છે જેમણે પોતાના મકાન ભાડે આપ્યા છે. જો કે માથાભારે ભાડૂઆતો ક્યારેક નિવૃત્ત મકાનમાલિકોને પરેશાન કરે છે અને સમયસર ભાડુ ન ચૂકવી દાદાગીરી કરે છે. એટલુ જ નહી મકાન ખાલી ન કરતા પોલીસની મદદ લેવી પડે છે. પોલીસ આ બાબતે સક્રિય બની છે.

ગાંધીનગરમાં ઘણા નિવૃત્ત કર્મચારીઓના મકાનો આવેલા છે. નિવૃત્ત કર્મચારીઓ આજીવિકા માટે આ મકાનો ભાડે આપે છે. પરંતુ ક્યારેક માથાભારે ભાડૂઆતો મકાનમાલિકોને હેરાન પરેશાન કરી મુકે છે. ઘણા માથાભારે ભાડૂઆતો મકાનભાડાનો કરાર પુરો થવા છતાં મકાન ખાલી કરતા નથી અને મકાનમાલિક સાથે બોલાચાલી અને ઝઘડો કરતા હોય છે. ક્યારેક મકાનમાલિકોને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપતા હોય છે. ત્યારે આવા કિસ્સાઓમાં પોલીસની મદદથી મકાન ખાલી કરવાની કાર્યવાહી કરવી પડે છે. શહેરમાં હાલમાં આવા કિસ્સાઓ વધી ગયા છે.

તાજેતરમાં જ સેક્ટર-૧૨માં રહેતા નિવૃત્ત નાયબ સચિવના મકાનને ખાલી કરાવવા પોલીસે દરમ્યાનગીરી કરવી પડી હતી. તેમના મકાનમાં રહેતા યજ્ઞેશકુમાર બ્રહ્મભટ્ટ અને કવિતા બ્રહ્મભટ્ટે મકાન પર ગેરકાયદે કબ્જો કરતા પોલીસે દરમ્યાનગીરી કરી નિવૃત્ત અધિકારીને તેમના મકાનનો કબ્જો પરત અપાવ્યો હતો અને ઉમદા ફરજ અદા કરી હતી.



ચ-રોડ પર મેટ્રો ટ્રેનનુ કામ શરૂ થતાં ઘ-રોડ પર ટ્રાફિકનું ભારણ વધી ગયુ છે. વારંવાર અહીં ટ્રાફિકજામના દશ્યો સર્જાય છે. વળી આ રોડના ટ્રાફિક સિગ્નલ બંધ કરી દેવાતા ઓફિસ ટાઈમે તો આ રોડ પરથી નીકળવુ ભારે તકલીફવાળુ બને છે.

# પરિણિતાને દહેજ અને શારીરીક માનસિક ત્રાસ આપી કાઢી મુકતા સાસરીયાઓ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની પરિણિતાએ દિકરીને જન્મ આપતા સાસરીપક્ષના સભ્યોએ મ્હેણઆ-ટોણા મારી શારીરીક માનસિક ત્રાસ આપતા હતા. તે ઉપરાંત પરિણિતાના પિયરના દાગીના પણ ગીરવે મુકી પૈસા લઈ પરત આપ્યા નથી. તેમ છતા પરિણિતાને સાસરીપક્ષના સભ્યો જેમ ફાવે તેમ ગાળો બોલી દહેજની માંગ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આખરે કંટાળી પરિણિતાએ સાસરીપક્ષના સભ્યો સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ખાતે ૨૭ વર્ષિય પરિણિતા તેના માતા અને ભાઈ સાથે રહે છે. તેણીના લગ્ન બે વર્ષ અગાઉ ચાંદખેડા રહેતા યુવક સાથે સમાજના રીત રીવાજ મુજબ થયા હતા. પરિણિતાને સંતાનમાં ત્રણ વર્ષની દિકરી છે. જયારે લગ્ન બાદ પ્રારંભીક તબક્કામાં પરિણિતાને સાસરીયાઓ સારી રીતે રાખતા હતા.પરંતુ લગ્નજીવન દરમિયાન પરિણિતા પ્રેગનેટ થતા તુ દિકરાને જન્મ આપજે તેમ કહી મ્હેણા ટોણા મારી ઝઘડો કરતા હતા. જયારે પરિણિતાએ થોડા સમય બાદ દિકરીને જન્મ આપ્યો હતો. દિકરીના જન્મ બાદ આઠ મહિના પછી કુળદેવીના દર્શન કરવા માટે તેઓ ગયા હતા.તે સમયે સાસરીપક્ષના સભ્યો તેણીને મ્હેણાટોણા મારતા હતા.ઘર સંસાર તુટે નહી તે માટે તેણી બધુ સહન કરતી હતી.જયારે તેણીના પતિને ઈલેક્ટ્રીકનો વેપાર માટે પણ તેણીના ભાઈઓએ રૂપીયાની મદદ કરી હતી. ઈલેકટ્રીકસની દુકાન છ થી આઠ માસ સુધી ચલાવી બંધ કરી દીધી હતી. તેણીના પતિ પણ મારે વેપાર ધંધો કરવો છે પણ તારા પિયરમાંથી તને કંઈ આપ્યું નથી. જેથી ફરીવાર તેણીના ભાઈઓએ મદદ કરી હતી.તેમ છતા તું ગાંડી અને અભાગણી છે તે દિકરીને જન્મ આપી મારા દિકરાની જીંદગી બરબાદ કરી નાંખી છે. તેમ કહી તુ અમારૂ ઘર છોડી ને અહીથી તારા મા-બાપના ઘરે જતી રે નહી તો તેને જાનથી મારી નાંખશું. જેથી પરિણિતાને વારંવાર શારીરીક માનસિક ત્રાસ આપી દહેજની માંગ કરતા પરિણિતાએ સાસરી પક્ષના પતિ,સાસુ, બે નણંદ, નણંદોઈ સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રીક્ષામાં મુસાફરને બેસાડી પૈસા સેરવી લેતી ગેંગનો ત્રાસ વધ્યો

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર શહેરમાં રીક્ષા મુસાફરોને બેસાડી લુંટ ચલાવતી ટોળકીનો ત્રાસ વધી ગયો છે. શહેરના સેકટર-૫ થી ઘ-૨ વચ્ચે મુસાફરને રીક્ષામાં બેસાડી ખિસ્સામાંથી રૂ.૧૬ હજાર ખિસ્સામાંથી સેરવી લેવાની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરી વિસ્તારમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી લુંટ ચલાવતી ટોળકીએ તરખાટ મચાવ્યો છે.તાજેતરમાં સેકટર-૨૪ પાસે મહિલાના ગળામાંથી સોનાનો દોરો લુંટી રીક્ષા લઈ ભાગવા જતા બે શખ્સો નાગરીકોના હાથે પકડાઈ ગયા હતા. જયારે બીજીતરફ શહેરના ઘ માર્ગ પર ૬-૭ ના બસ સ્ટેન્ડ પાસેથી મુસાફરને બેસાડી તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૪૭,૫૦૦ સેરવી લઈ મુસાફરને રીક્ષામાંથી નીચે ઉતારી દીધો હતો. આ બે બનાવની હજુ સાહી સુકાઈ નથી, ત્યાં ત્રીજો બનાવ સામે આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે. રીક્ષા ગેંગ દ્વારા વધુ એક મુસાફરના ખીસ્સામાંથી રૂ.૧૬ હજાર નજર ચુંકવી સેરવી લીધા છે. મહેસાણા ખાતે કરીયાણાની દુકાન ચલાવતા ૫૨ વર્ષના અરજણજી પ્રતાપજી ચાવડા ગતતા.૨૮-૨-૨૩ના રોજ અમદાવાદ કાલુપુર ખાતે કરીયાણાનો સામાન લેવા માટે બસમાં ઘરે થી નીકળીને ગાંધીનગર ઘ-૫ ઉતર્યા હતા. ત્યારે બપોરના સમયે એક રીક્ષા આવતા અરજણજી તેમાં બેસી ગયા હતા. જે રીક્ષામાં અગાઉથી ૫ લુંટેરા કે અન્ય વ્યકિતઓ બેઠા હતા.

જયારે રીક્ષા ઘ-૨ પાસે પહોંચતા પહેલા તેમને ભાડુ લીધા વિના ઉતારી મુકીને રીક્ષાચાલકે મુસાફરને આગળ ઉતારી પાછો આવું છું. રીક્ષા ચાલક ભાડુ લેવા માટે આવશે તેમ સમજી અરજણજીએ પૈસા કાઢવા માટે ખિસ્સામાં હાથ નાંખ્યો હતો. ત્યારે જાણ થઈ કે રીક્ષામાં મુસાફરોના સ્વાંગમાં બેઠેલી લુંટારુ ગેંગના સભ્યોએ ખીસ્સામાંથી ગણતરીની મીનીટોમાં રોકડા રૂ.૧૬ હજાર લઈ લીધા હતા. જયારે અરજણજીની તબિયત બગડતા તેઓ જતા રહ્યા હતા.જયારે બીજીતરફ કૌંટુબીક લગ્ન પ્રસંગ હોવાથી જે તે સમયે ફરીયાદ નોંધાવી ન હતી.

# નવા વિસ્તારોમાં અધુરાં વિકાસ કાર્યો પર કમોસમી વરસાદે કફોડી સ્થિતિ સર્જી

### ખોદેલા ખાડાઓમાં અપૂરતા માટી પુરાણને કારણે ભુવા સર્જાયા : કાદવ-કીચડના સામ્રાજ્ય સાથે મચ્છરનો ઉપદ્રવ વધવાને કારણે રોગચાળો ફેલાવાનો ભય : સત્વરે જંતુનાશક દવાના છંટકાવની કામગીરી જરૂરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં સળંગ માત્ર બે દિવસ કમોસમી વરસાદ થયો તેમાં તંત્રના ઘણા વિકાસ કાર્યોની પોલ ખુલી જવા પામી છે. શહેરમાં ઠેર ઠેર ચાલી રહેલાં વિવિધ વિકાસ કાર્યો ખાસ કરીને પાણી, ગટર અને વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈનો વગેરેના કાર્યો ચાલી રહ્યા છે જેના કારણે અનેક માર્ગો પર ખોદકામ કરેલું જોવા મળે છે. આ કારણે શહેરમાં ઘણા સમયથી ખાડાનું સામ્રાજ્ય હોય તેવી સ્થિતિ સર્જાઈ છે તેમાં પણ માવઠાનો ધોધમાર વરસાદ થવાને કારણે પાઈપલાઈનો માટે ખોદેલા ખાડાઓમાં અપૂરતા માટી પુરાણને કારણે ચોમાસાની જેમ અત્યારે પણ ભુવા સર્જાઈ રહ્યા છે. શહેરમાં ભેળવાયેલા ગ્રામ્ય વિસ્તારમાં તો ઘણી કફોડી હાલત જોવા મળી રહી છે કારણ કે ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં હજુ રોડ-



રસ્તાના કાર્યો પણ અધુરાં છે અને કેટલાંક સ્થળે તો ગટર ચેમ્બરો પણ ઘણા સમયથી ખુલ્લી પડેલી જોવા મળે છે. શહેરના ન્યુ વાવોલ વિસ્તારમાં ઘણા રોડ-રસ્તાના કાર્યો લાંબા સમયથી અધુરાં છે અથવા મંથર ગતિએ ચાલી રહ્યાં છે. આ સમયે આ માર્ગો પર કમોસમી વરસાદના પાણી ભરાવાને કારણે વાહનચાલકો કે રાહદારીઓ માટે અવરજવર તો મુશ્કેલ બની છે પરંતુ આ માર્ગો પર કાદવ-કીચડનું સામ્રાજય સ્થપાયું છે અને તેમાં મચ્છરનો ઉપદ્રવ વધવાને કારણે રોગચાળો ફેલાવાનો ભય વધ્યો છે. ન્યુ વાવોલના દિયા ગ્રીન્સ પાર્ટી પ્લોટથી શિવમ્ રેસિડેન્સિ તરફના માર્ગ રોડના નવીનીકરણનું કાર્ય ઘણા સમયથી બાકી હોવાના કારણે કાચો માર્ગ હોવાથી આ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે. એકતરફ શહેરમાં સીઝનલ વાઈરલ બિમારીના કારણે દવાખાનાં પહેલેથી જ દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે ત્યારે વાવોલ જેવા ગ્રામ્ય વિસ્તારમાં વિકસેલા નવા અર્બન વિસ્તારોમાં કમોસમી વરસાદે કફોડી સ્થિતિ સર્જી છે. સત્વરે આ પ્રકારના વરસાદી પાણીના ભરાવાવાળા સ્થળો તેમજ કાચા માર્ગો પર જંતુનાશક દવાનો છંટકાવ કરાય અને અધુરા વિકાસ કાર્યોને ઝડપથી પતાવાય તેવી નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે.

### ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળ દ્વારા

# આઉટસોર્સિંગ પ્રથા સદંતર બંધ કરવા માટે ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં નિયમિત ભરતી થાય ત્યારે આઉટસોર્સિંગના કર્મચારીઓને છુટા કરવામાં આવે. પરંતુ બોર્ડ દ્વારા ખાનગી એજન્સીના કર્મચારીઓને છુટા કરવામાં ન આવતા બોર્ડને કરોડો રૂપીયાનું નુકસાન વેઠવાનો વારો આવે છે. ગાંધીનગર શહેરના સેકટર-૧૦ સ્થિત ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળ દ્વારા એપ્રિલ-૨૦૨૩ થી આઉટસોર્સિંગ પ્રથા સદંતર બંધ કરવા માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

ગુજરાત મેરીટાઈ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળના પ્રમુખ લાલજીભાઈ સોલંકીએ જણાવ્યું છે કે ગાંધીનગર મેરીટાઈમ બોર્ડની વડી કચેરી તેમજ બંદરીય કચેરીઓમાં આઉટસોર્સિંગ ત્રણ ગણો સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે. જુનિયર કલાર્કની ખાલી જગ્યા સામે જુનિયર કલાર્કની કક્ષાના કર્મચારીની નિમણુંક કરવાની હોય છે. બોર્ડ દ્વારા ત્રણ એજન્સી નિયત કરાઈ છે.જેમાં વિવિધ હોદ્દાના નામ આપી ખુબ જ ઉંચા પગાર આપવામાં આવે છે.

સરકારના આઉટસોર્સિંગ કર્મચારીઓ અને બોર્ડના કર્મચારીઓના પગારમાં ખુબ જ મોટો તફાવત જોવા મળે છે.જયારે દર વર્ષે પગારમાં ૧૦ટકાનો વધારો કરાય છે.જેથી પાંચ વર્ષમાં તેઓનો પગાર નિયમતિ મહેકમના કર્મચારી કરતા પણ વધી જાય છે.

તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તેમજ જીપીએસસી દ્વારા જુ.કલાર્ક તેમજ ઈજનેરોની ભરતી કરાઈ છે. બોર્ડમાં નિયમિત ભરતી થતા ખાનગી એજન્સીનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવે. જયારે એપ્રિલ -૨૦૨૩ થી ખાનગી એજન્સીના કોન્ટ્રાકટ રીન્યુ ન થાય તે માટે ઉચ્ચ કક્ષાએ બોર્ડના મહામંડળ દ્વારા રજુઆત કરી છે. જયારે બોર્ડને આ કર્મચારીઓને પગલે આર્થિક ભારણ વેઠવાનો વારો આવ્યો છે.



વિશ્વ વન દિવસની વિશ્વભરમાં ઉજવણી થઈ રહી છે. કુદરતની અણમોલ ભેટ એટલે આપણી આસપાસ જીવંત બનીને ધબકી રહેલી પ્રકૃતિ... આ પ્રકૃતિનો સૌથી મોટો હિસ્સો એટલે વૃક્ષો... અને વૃક્ષોથી સર્જાય છે વનોનો વૈભવ... ગાંધીનગરાઓ એ બાબતે હજુ સુધી નસીબદાર રહ્યા છે કે તેમની આસપાસ નાનકડા વનને જોઈ અને માણી શકાય છે. આ વૈભવશાળી વનોમાં જ ઔષધિય વનસ્પતિઓનો અદ્‌ભૂત ખજાનો છૂપાયેલો જોવા મળે છે. કોરોનાકાળમાં આપણે ઔષધિય વનસ્પતિઓનો ચમત્કાર અનુભવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લામાં ઈ.શ્રમની નોંધણીને લઈ આજે તમામ પંચાયતો રજાના દિવસે પણ કાર્યરત રહેશે.
- જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે લેન્ડ ગ્રેબીંગ કમિટીની જિલ્લાકક્ષાની બેઠક યોજાઈ હતી.
- ઈ.શ્રમ નોંધણીને લઈ જિલ્લા કલેક્ટરશ્રીએ દૈનિક મોનીટરીંગની કામગીરી હાથ પર લીધી છે.
- જિલ્લામાં કોરોનાની સાથે સ્વાઈન ફલુના કેસો વધી રહ્યા હોવાથી આરોગ્યતંત્રની ચિંતા વધી છે.
- ગાંધીનગર શહેરમાં કમોસમી વરસાદ પછી કાદવ-કીચડ થઈ જતાં નગરજનોમાં રોષની લાગણી જન્મી છે.
- વિશ્વ જળ દિવસની ઉજવણીને લઈ ૧૫મીથી શરૂ થયેલી ગ્રામસભાઓનો આજે અંતિમ દિવસ છે.
- ગાંધીનગરમાં ચાલુ રિક્ષાએ રૂ. ૧૬ હજારની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે.
- સાદરા વિદ્યાપીઠ ખાતે નાટ્યકલા વિષય પર કાર્યશાળા યોજાઈ હતી.
- સાદરામાંથી વરલી મટકાનો જુગાર રમતા ઈસમને પોલીસે ઝડપી લીધો છે.
- માણસા મામલતદાર કચેરી સામે જ બાળમજૂરી ચાલતી હોવાની ઘટનાને પગલે આજે ત્યાં તંત્રની ટીમ ત્રાટકી હતી અને એક બાળમજૂરને મુક્ત કરાવ્યો હતો.
- દહેગામના પોલીસકર્મીની મદદથી બોર્ડની પરીક્ષાર્થીનું વર્ષ બગડતુ બચી જવા પામી છે. રૂમ અને બેઠક વ્યવસ્થા શોધવામાં વિદ્યાર્થીની અટવાઈ હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદ પછી ખેડૂતોની હાલત કફોડી બની છે.
- દહેગામ નર્સિંગ કોલેજના સહયોગથી દહેગામ અર્બન હેલ્થ સેન્ટર અને જિલ્લા શ્રમ કેન્દ્ર દ્વારા વિશ્વ શ્રમ દિવસની ઉજવણીના ભાગરૂપે રેલી યોજાઈ હતી.
- સરકારી વિજ્ઞાન કોલેજમાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાઈ હતી.
- પેથાપુર ખાતે હિંગળાજમાતાના મંદિરે પ્રાગટ્ય દિનની ઉજવણી કરાઈ હતી.
- કલોલ ન.પા.નું પુરાંત ધરાવતુ બજેટ મંજૂર કરાયુ છે.

## સાદરામાંથી વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં જવાનો પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે સાદરા ગામ પાસે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી. સાદરા જુના બસ સ્ટેન્ડ પાસે રહેતો અનવરહુસેન યાકુબમિયા શેખ સાદરા જુના બસ સ્ટેન્ડ પાસે વરલી મટકાના આંકડા લખી રહ્યો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ કરતા એક શખ્સ કાગળની ચીઠ્ઠીમાં કંઈક લખી રહ્યો હતો. તેને પોલીસે પકડી પાડી તેનુ નામ પુછતા તેણે અનવરહુસેન શેખ હોવાનું જણાવ્યું હતું. જયારે પાસે ઉભા રહેલા શખ્સનું નામ પુછતા તેણે રવિ રાજુભાઈ ચૌધરી હોવાનું જણાવ્યુ હતું.

## ચાંદખેડામાંથી નકલી નોટોના જથ્થા સાથે ચારની ધરપકડ

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં ફરી એક વખત નકલી નોટોનો કારોબાર ઝડપાયો છે. ઘરમાં જ પ્રિન્ટિંગ મશીનથી નકલી નોટો છાપતા હતા. ફરજી વેબ સિરીઝમાં બતાવેલી મોડ્સ ઓપરેન્ડીથી નકલી નોટો છાપવાનું નેટવર્ક શરૂ કર્યુ હોવાની પોલીસને છે શંકા.

નકલી નોટ બજારમાં ફરતી થાય તે પહેલાં જ ચાંદખેડા વિસ્તારમાંથી નકલી નોટોના જથ્થા સાથે ચાર આરોપીની ધરપકડ કરાઈ છે. ઝોન-૨ ડીસીપી સ્કવોડની ટીમને માહિતી મળી હતી કે ગત મોડી રાત્રે ચાંદખેડા વિસ્તારમાંથી ઈકો ગાડીમાં શૈલેષ ક્રિશ્ચન નામનો શખ્સ ડુપ્લીકેટ નોટ લઈ પસાર થઈ રહ્યો છે. જેના આધારે ઈકો ગાડી પકડી તપાસ કરતા શૈલેષ ક્રિશ્ચન પાસેથી એક બેંક માંથી ૫૦૦ દરની ૧૦ લાખની બનાવટી ચલણી નોટો ૨૦ બંડલ મળી આવ્યા હતા.